# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૫ તા. ૧૯-૯-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે એકાત્મ માનવવાદના પ્રણેતા અને ''ગામડાના ઉત્થાનથી રાષ્ટ્રના ઉત્થાન''ના હિમાયતી ''પંડિત દીનદયાલ ઉપાધ્યાય''નું જન્મ શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે, જેનાથી તમો વાકેફ છો. ૨૫ મી સપ્ટેમ્બર તેમનો જન્મદિવસ છે તે અંતર્ગત દરેક શાળાએ તા.૨૪-૯-૧૫ના રોજ પ્રાર્થના સંમેલનમાં ''પંડિત દીનદયાલ ઉપાધ્યાય''ના જીવન વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવી તેમજ શાળાના બે - ત્રણ વિદ્યાર્થીઓ તેમના જીવનની ઝરમર રજૂ કરે તે માટેનું આયોજન કરવું.

તા.૧૯-૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

## ૨૫ સપ્ટેમ્બર
## પંડિત દિનદયાલ ઉપાધ્યાય - જીવન ઝરમર

- ❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો જન્મ ૨૫ સપ્ટેમ્બર-૧૯૧૬ના રોજ ઉત્તર પ્રદેશ રાજ્યના મથુરા જિલ્લાનાં નાગલા ચંદ્રભાન ગામમાં થયો હતો. આ ગામ અત્યારે દિનદયાલ ધામ તરીકે ઓળખાય છે. મથુરાના જિલ્લા મથકથી આ ગામ ૨૬ કિ.મી. દૂર છે.
- ❖ તેઓશ્રીના પિતાશ્રી ભગવતીપ્રસાદ પ્રખ્યાત જ્યોતિષાચાર્ય અને માતા શ્રીમતિ રામપ્યારી ધાર્મિક ભાવના ધરાવતા હતા.
- ❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાય માત્ર ત્રણ વર્ષના હતા ત્યારે તેઓના પિતાશ્રીનું અવસાન થયું હતું. આઠ વર્ષની ઉંમરે તેઓશ્રીએ માતાની છત્રછાયા ગુમાવી હતી.
- ❖ તેઓશ્રીનો ઉછેર, ભણતર બધુ જ મામા-મામીની છત્રછાયામાં થયું હતું.
- ❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાય જાહેરપરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થયાં હતા. શીકરના મહારાજા કલ્યાણસીંગે તેઓશ્રીને ગોલ્ડ મેડલ એનાયત કર્યો હતો. માસિક રૂા.૧૦/- સ્કોલરશીપ અને રૂા.૨૫૦ રૂા. પાઠ્યપુસ્તક સહિત અભ્યાસકીય સામગ્રી માટે રાજા તરફથી વિશેષ ભેટ આપવામાં આવ્યા હતા.
- ❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાયએ ઈન્ટરમીડિયેટનો અભ્યાસક્રમ બિરલા કોલેજ વિલાનીમાંથી સંપન્ન કર્યો હતો. આ કોલેજ ત્યારબાદ બિરલા કોલેજ ઓફ ટેકનોલોજી અને સાયંસ તરીકે ખ્યાતિ પામી હતી.
- ❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાયએ પ્રથમ વર્ષ સાથે સ્નાતકની પદવી સનાતનધર્મ કોલેજ કાનપુરમાંથી ૧૯૩૯માં મેળવી હતી. અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે સેંટ જોન કોલેજ, આગ્રામાં અંગ્રેજી લીટરેચર માટે પ્રવેશ મેળવ્યો હતો.
- ❖ અનુસ્નાતક કક્ષાએ પ્રથમવર્ષમાં પ્રથમ વર્ગ મેળવનાર પંડિત દિનદયાલ ઉપાધ્યાય કૌટુંબિક કારણસર ફાઈનલની પરીક્ષામાં બેસી શક્યા ન હતા.
- ❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાય અત્યંત બુદ્ધિશાળી હતા. સરકારી નોકરી માટેની પરીક્ષામાં પાસ થયા, ઈન્ટરવ્યુમાં પણ પાસ થયાં પરંતુ સરકારી નોકરીમાં જોડાયા નહીં. સામાન્ય માનવીની સેવા કરવાના કાર્યને પોતાનું જીવનધ્યેય બનાવ્યું.
- ❖ ૧૯૩૭માં કાનપુરમાં અભ્યાસ કરતાં કરતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સંપર્કમાં આવ્યા. આર.એસ.એસ.નાં સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવારની સાથે તેઓશ્રીની મુલાકાત થઈ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમ લીધા બાદ તેઓશ્રી આજીવન પ્રચારક બન્યા.

❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાયજી સંગઠનની કુશળતા ધરાવતા હતા, વિચારક હતા, અર્થનિતીના જાણકાર હતા. શિક્ષણવિદ્ હતા, રાજકિયક્ષેત્ર સાથે સંકળાયેલા એક રાષ્ટ્રને સમર્પિત લેખક અને પત્રકાર હતા.

❖ ૧૯૪૦માં રાષ્ટ્રધર્મ નામનું સામાયિક તેઓશ્રીએ પ્રારંભ કર્યું હતું.

❖ આઝાદ ભારતના પ્રથમ ઉદ્યોગ પ્રધાન ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ ૧૯૫૧માં ઉચ્ચારેલા શબ્દો છે કે ‘‘જો મને બે દિનદયાલ મળી જાય તો હું ભારતની રાજનીતિનો ચહેરો બદલી નાખું.’’

❖ પંડિત દિનદયાલ ઉપાધ્યાય- એકાત્મ માનવવાદનાં પ્રણેતા છે. અર્થ અને આધ્યાત્મનો સંયોગ કરી મનુષ્યનું કલ્યાણ કેવી રીતે કરી શકાય તેવી વિચારોની સરવાણી તેઓએ સમાજને આપી છે. સમાજના છેવાડાના માનવી(અત્યોદય)ના ઉત્થાન માટેની વાત તેઓશ્રીએ કરી છે. ગામડાનાં ઉત્થાનથી રાષ્ટ્રના ઉત્થાનના તેઓશ્રી હિમાયતી રહ્યા છે. સત્તાનું અને વહીવટનું વિકેન્દ્રીકરણ કરવાથી ભારતના જન-જનનું ભલું સરળતાથી કરી શકાશે તેવું તેમનું માનવું હતું.

❖ ભારતના વસતા બધાં ન નાગરિકોનું ભલું થાય અને બધાં જ ભારતમાતાના સંતાનો ગૌરવ સાથે જીવી શકે તેવાં સમાજની વિભાવના તેઓશ્રી હંમેશાં કરતા હતા.

ભારતના મહાન રાષ્ટ્રભક્ત પંડિત દિનદયાલ ઉપાધ્યાયનું ૧૧ ફેબ્રુઆરી-૧૯૬૮ના રોજ ઉત્તરપ્રદેશના મુગલસરાય ખાતે રેલ્વે મુસાફરી દરમ્યાન મૃત્યુ થયું.

તેઓશ્રીને જન્મ જયંતિએ વંદન

